**મોટર અકસ્માત વળતર અરજી અને તે પર પસાર થયેલ એવોર્ડ અન્વયે વળતરની રકમ મેળવવા માટે દાખલ થતી અરજીઓમાં નીચે જણાવ્યા મુજબની વિગતો ફરજીયાત પણે જાહેર કરવા બાબત..**

---

સંદર્ભ : નામદાર સુપ્રિમ કોર્ટ, સીવીલ રીટ પીટીશન નંબર : ૫૩૪/૨૦૨૦ના કામે તારીખઃ ૧૬.૦૩.૨૦૨૧ તથા તારીખઃ૧૬.૧૧.૨૦૨૧ ના રોજ ફરમાવેલ હુકમ મુજબ.

ઉપરોક્ત સંદર્ભમાં જણાવેલ નામદાર સુપ્રિમ કોર્ટે પસાર કરેલ હુકમ મુજબ આથી જણાવવાનું કે, જિલ્લા અદાલત, નવસારી તથા ૪થા (એડ-હોક) એડીશનલ જિલ્લા અદાલત, નવસારી મુકામઃઆહવા ખાતે દાખલ થતી તમામ પ્રકારની મોટર અકસ્માત વળતરની અરજીઓ તેમજ તેમાં પસાર કરવામાં આવેલ એવોર્ડ અન્વયે વળતરની રકમ મેળવવા માટેની દાખલ થતી વળતર અરજીઓમાં તારીખઃ૦૪.૦૧.૨૦૨૨ ના રોજથી ફરજીયાત પણે નીચે દર્શાવ્યા મુજબની વિગતો દર્શાવવાની અને લખવાની રહેશે તેમજ તેને સંલગ્ન દસ્તાવેજી આધારોની સ્વયંપ્રમાતિણ નકલો રજુ કરવાની રહેશે.

(૧) દરેક અરજદારોના નામ અને સરનામાની વિગત સાથે દરેક અરજદારના બેન્ક ખાતાની વિગત જેવા કે, બેન્કનું નામ, શાખાનું નામ, ખાતા નંબર અને બેન્કનો આઈ.એફ.સી. કોર્ડ નંબર ની માહિતી ફરજીયાત પણે દર્શાવવાની રહેશે.

(૨) દરેક અરજી સાથે દર્શાવેલ બેન્ક ખાતાની વિગતો અન્વયે બેન્કની પાસબુકના પ્રથમ પાનની નકલ કે જેમાં અરજદાર/અરજદારોના ફોટાઓ લગાવવામાં આવેલ હોય અને તે બેન્ક ધ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હોય તે ફરજીયાત પણે રજુ કરવો.

(૩) જે અરજદાર સગીર વયના હોય તો તેઓના બેન્ક ખાતાની વિગત તેમજ તેમના વાલીના અગર તો ગાર્ડીયનના નામ સહિતની વિગતો અવશ્ય પણે રજુ કરવી.

(૪) દરેક અરજદારના પાનકાર્ડની વિગત, અરજીના મથાળે નામ, સરનામા સાથે દર્શાવી તથા પાનકાર્ડની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવી.

(૫) દરેક અરજદારના આધાર કાર્ડની વિગત અરજીના મથાળે નામ સરનામા સાથે દર્શાવવી તેની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવી.

(૬) જો અરજદાર કે અરજદારો ધ્વારા પાનકાર્ડ કે આધારકાર્ડ ન ધરાવતા હોય તો તે મેળવવા માટેની કાર્યવાહી / પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. તે દર્શાવતી જાહેરાત અલાયદા પુરસીસ / અન્ડરટેકીગ ધ્વારા કરવી ફરજીયાત છે.

Scanned with CamScanner

(૭) દરેક મોટર અકસ્માત વળતરની અરજી દાખલ કરતી વખતે તેના મથાળામાં જે પોલીસ સ્ટેશનની હકુમતમાં અકસ્માતવાળો બનાવ બન્યો છે તે પોલીસ સ્ટેશનનું નામ, તાલુકા, જીલ્લા સહિતની તથા એફ.આઈ.આર.નો નંબર અને તેની તારીખ સ્પષ્ટ પણે દર્શાવવી જરૂરી છે.

(૮) દરેક અરજી દાખલ કરતી વખતે ઉપરોકત આવશ્યક માહિતીઓ ઉપરાંત મોટર વ્હીકલ રૂલ્સના નિયમ નંબર ૨૧૧ મુજબની આવશ્યક જરૂરી અને ફરજીયાત પણે રજુ કરવાની થતી માહિતીઓ અને દસ્તાવેજી આધારો અચૂક રજુ કરવાના રહેશે.

ઉપરોકત તમામ વિગતો, માહિતીઓ અને દસ્તાવેજી આધારો નામદાર સુપ્રિમ કોર્ટે આપેલા માર્ગદર્શન અને દિશા સૂચન અન્વયે નવી દાખલ કરવામાં આવતી તમામ તથા ટ્રીબ્યુનલ સમક્ષની તમામ પેન્ડિગ રહેલ અરજીઓમાં તથા ટ્રીબ્યુનલમાં ન્યાય નિર્ણય માટે મૂલતવી હોય તે તમામ વળતર અરજીઓમાં ચૂકાદો જાહેર થતાં અગાઉ ઉપરોકત વિગતો દર્શાવતું પત્રક વિના વિલંબે ફરજીયાત રજુ કરવાનું રહેશે.

SDSuthar 5/1/22

જિલ્લા અદાલત, )
નવસારી. )
તારીખઃ ૦૪.૦૧.૨૦૨૨ )

(એસ.ડી.સુથાર)
મોટર અકસ્માત વળતર પંચ (મુખ્ય)
નવસારી.

Scanned with CamScanner